# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 18-02-2026 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## ગુજરાતનું અંદાજપત્ર:

ગુજરાત વિધાનસભા ખાતે આજે રાજ્યનું વર્ષ ૨૦૨૬-૨૭નું કુલ 4 લાખ 8 હજાર 53 કરોડ રૂપિયાનું વિક્રમી અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું છે.અંદાજપત્ર રજૂ કરતા, નાણાંમંત્રી કનુ દેસાઈએ કહ્યું, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની સરકારનું આ બજેટ સામાજિક સુરક્ષા, માનવ સંસાધન, માળખાકીય સુવિધાઓ, આર્થિક પ્રવૃત્તિ અને ગ્રીન ગ્રોથએમ પાંચ સ્તંભો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

અંદાજપત્રની મુખ્ય જાહેરાતોમાં શિક્ષણ અને યુવા શક્તિ પરવિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

રાજ્યના ૯૭ લાખ વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ પેટે ૫,૯૬૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. મહત્વપૂર્ણ જાહેરાત મુજબ, અનુસૂચિત જાતિ અને જનજાતિના કુમાર વિદ્યાર્થીઓ માટે પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિની વાર્ષિક આવક મર્યાદા ₹૨.૫૦ લાખથી વધારીને હવે ₹૬ લાખ કરવામાં આવી છે. રાજ્યમાં નવી ૯૨૬ PM-શ્રી શાળાઓ અને ગાંધીનગર ખાતે દેશની સૌથી મોટી અત્યાધુનિક 'નમો સેન્ટ્રલ લાયબ્રેરી' સ્થાપવાની જાહેરાત કરાઈ.

આરોગ્ય અને ગરીબ કલ્યાણ ક્ષેત્રે, PMJAY યોજના હેઠળ ₹૩,૪૭૨ કરોડની ફાળવણી કરવામાં આવી છે. રાજ્યમાં સર્વાંગી અને સમતોલ વિકાસ માટે દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તાર અને કચ્છ એમ છ ક્ષેત્ર માટે ઇકોનોમિક માસ્ટરપ્લાન તૈયાર કર્યા છે જે અંતર્ગત દરેક ક્ષેત્રની જરૂરિયાત મુજબ પ્રોજેક્ટ

તૈયારથયા છે જેનાથી આર્થિક પ્રવૃતિઓ, રોજગાર સર્જન અને મૂડી રોકાણને પ્રોત્સાહન મળશે જે માટેરૂપિયા 2000 કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

આવાસ યોજનાઓ અંતર્ગત આ વર્ષે ૩.૧૫ લાખથી વધુ નવા મકાનો બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

નારી શક્તિના સશક્તિકરણ માટે 'લખપતિ દીદી' અભિયાન અને 'નમો લક્ષ્મી યોજના' જેવી પહેલને વેગ આપવામાં આવ્યો છે. ખાસ કરીને ITI માં અભ્યાસ કરતી દીકરીઓ માટે નવી 'નમો કૌશલ્ય લક્ષ્મી યોજના'ની જાહેરાત કરવામાં આવી છે.

રાજ્યમાં ટ્રાન્સપોર્ટની સુવિધા વધારવા ૫૦૦ ઇલેક્ટ્રિક બસો સહિત કુલ ૨,૪૬૩ નવી બસો સેવામાં મુકવામાં આવશે.

આરોગ્ય અને સુખાકારી માટે, 'પીએમ જન આરોગ્ય-મા યોજના' હેઠળ કેશલેસ સારવારની જોગવાઈઓ સાથે રાજ્યના ૬.૪૦ લાખ સરકારી કર્મચારીઓ અને પેન્શનરો માટે ૧૦ લાખ રૂપિયાનું સ્વાસ્થ્ય સુરક્ષા કવચ જાહેર કરાયું છે. માળખાકીય વિકાસને વેગ આપવા માટે  ૫૦ હજાર કરોડના 'વિકસિત ગુજરાત ફંડ' ની રચના કરાઈ છે, જેમાં આ વર્ષે ૧૦ હજાર કરોડની ફાળવણી કરાઈ છે. આ ઉપરાંત, સોમનાથને ગ્લોબલ ડેસ્ટિનેશન તરીકે વિકસાવવા અને ૨૦૨૬નાવર્ષને 'ગુજરાત પ્રવાસન વર્ષ' તરીકે ઉજવવાની પણ મહત્વની જાહેરાત કરવામાં આવી છે.

--------------------------------------------------------------------------------

## <u>પરીક્ષા માટે જાહેરનામું:</u>

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ૨૬ ફેબ્રુઆરીથી ૧૮ માર્ચ ૨૦૨૬ દરમિયાન યોજાનારી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાઓ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે કચ્છ જિલ્લામાં જાહેરનામા પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ડી.પી. ચૌહાણ દ્વારા ભારતીય નાગરિકસુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ ૧૬૩ મુજબ જિલ્લાના ૧૧૧ પરીક્ષા કેન્દ્રોની આસપાસના ૧૦૦મીટરના વિસ્તારમાં પ્રતિબંધાત્મક હુકમો જારી કરવામાં આવ્યા છે.

આ જાહેરનામા અનુસાર પરીક્ષા કેન્દ્રોની આસપાસ પાંચ કે તેથીવધુ વ્યક્તિઓએ એકઠા થવું નહીં, સરઘસો કાઢવા નહીં કે સૂત્રોચ્ચાર કરવા નહીં. વધુમાં, પરીક્ષા દરમિયાન ચોરીનું દૂષણ અટકાવવા માટે કેન્દ્રોની નજીક આવેલા કોપીઈંગ મશીનો અને ઝેરોક્ષની દુકાનો બંધ રાખવાનો આદેશ અપાયો છે. પરીક્ષા કેન્દ્રના ૨૦૦મીટરના વિસ્તારમાં મોબાઈલ, બ્લૂટૂથ કે અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણો લઈ જવા પર સખત મનાઈ ફરમાવવામાં આવી છે. પોલીસ દ્વારા મુખ્ય પ્રવેશદ્વાર પર ઓળખપત્રની ચકાસણી બાદ જ પ્રવેશ આપવામાં આવશે અને આ નિયમોનો ભંગ કરનાર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ૨૨૩ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

-----------------------------------------------------------------------------------------

## એસ.ટી. ભુજ વિભાગ દ્વારા એક્સ્ટ્રા બસો:

હોળી-ધૂળેટી અને ડાકોરના ફૂલડોલ ઉત્સવ નિમિત્તે મુસાફરોની સુવિધા માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, ભુજ વિભાગ દ્વારા ખાસ એક્સ્ટ્રા બસો દોડાવવાનો નિર્ણય લેવાયો છે. આગામી ૨૭ ફેબ્રુઆરીથી ૦૨ માર્ચ ૨૦૨૬ દરમિયાન દાહોદ, પંચમહાલ અને છોટાઉદેપુર તરફ જતા મુસાફરોના ધસારાને પહોંચી વળવા આ આયોજન કરવામાં આવ્યું છે.

કચ્છના વિવિધ ડેપો દ્વારા પ્રવાસીઓની સંખ્યાને ધ્યાનેરાખીને આ વધારાનું સંચાલન હાથ ધરાશે. આ ઉપરાંત, મુસાફરો પોતાના નજીકના ડેપો પરથી ગ્રુપ બુકિંગ કરાવીને પણ એક્સ્ટ્રા બસ સેવાનો લાભ મેળવી શકશે. આ અંગેની વધુ વિગતો અને બુકિંગ માટે મુસાફરોને નજીકના ડેપો મેનેજર અથવા બસ સ્ટેન્ડનો સંપર્ક કરવા જણાવાયું છે.

-----------------------------------------------------------------------------------------